



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨ : 'બે સેનાનું, નરનારાયણ પધરાવ્યાનું'ના નિરૂપણ પૂર્વે આશીર્વચન, ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

*બીજા બજારી બકાલ રે, સંતો શીદને રહીએ રે કંગાલ...*

'બકાલ' એટલે ખબર છે ? શાકભાજીને 'બકાલું' કહે અને શાકભાજી વેચનારને 'બકાલ' કહે. બીજા બધા 'બકાલ'-શાકભાજી વેચનારા છે અને આપણે હીરાના વેપારી છીએ. જે ભગવાનમાં રહે છે, ભગવાનને અર્થે જીવન જીવે છે અને ભગવાન સિવાય કાંઈ ઈચ્છતો નથી એ સાધુ ! – એ સિવાયના બીજા બધા 'બકાલ' છે. શાકભાજીનો કાઠિયાવાડી શબ્દ છે 'બકાલું'. યોગીબાપા ખાસ આ ભજન ગાઈને સંતોને કહેતા કે, 'મળ્યો મહા મોટો માલ રે, સંતો શીદને રહીએ રે કંગાલ.' ભગવાન મળ્યા, સાધુ મળ્યા એના જેવો બીજો કોઈ મોટો માલ નથી.

આ કીર્તનમાં 'રાજાની રાણી ભમી ભીખ માગે' એ કડીમાં વાઘરણનું દૃષ્ટાંત આવે છે. યોગીબાપા કહેતા, 'રાજાને ગમી એ રાણી, છાણાં વીણતાં આણી.' એક સારી દેખાવડી ને હૃષ્ટપુષ્ટ વાઘરણ હતી તે રાજાને ગમી ગઈ, તો રાજા તેને પરણી ગયા. પણ જાતની તે વાઘરણ છે તે ખબર નહિ. આ રાણીને બત્રીસ પ્રકારનાં ભોજન આવે તોય છ-બાર મહિનામાં તો તે સુકાવા માંડી. કેટલાય વેદ્યો, હકીમો, ડૉક્ટરોની ટીમ કામે લાગી તોય એને સારું થયું નહીં. પછી એક હોશિયાર વૈદ્યે થોડા દિવસ અવલોકન કર્યું, તો ખબર પડી કે રાણી કશું ખાતી જ નહોતી. પછી વૈદ્યે એનું કુળ જોયું કે, આ ક્યાંથી આવી છે ? ત્યારે ખબર પડી કે, આ તો માગી ખાનારી વાઘરણ છે. આ રાણી થયેલી વાઘરણને માગી ખાવાના હેવા પડ્યા હતા. એટલે વગર માગ્યે તૈયાર ભાણું આવે તે ખાય નહિ. પછી વૈદ્યે થાળ લઈને જતી દાસીને કહ્યું કે, 'થાળ આપીને જતા રહેવું, પણ ત્યાં બેસવું નહિ.' દાસી જતી રહી પછી કોઈ નહોતું ત્યારે રાણીએ બારી-બારણાં બંધ કર્યાં ને ઓરડાના ગોખલે ગોખલે થોડું થોડું ખાવાનું મૂકી આવી. પછી સાવરણીની સળીઓ તોડીને દાતણ કર્યાં ને કપડાની ઝોળી બનાવી, તેને ખભે ભરાવી ગોખલે-ગોખલે જાય ને બોલે, 'દેજે મહાલક્ષ્મી ! બટકું રોટલો...' એમ કહીને, ગોખલા પાસે જઈને ઊભી રહે ને પેલી સળી ગોખલામાં મૂકે અને ત્યાંથી પોતાની જાતે જ ખાવાનું લઈને ઝોળીમાં નાખે ને ખૂણામાં બેસીને તેમાંથી ખાતી જાય. તો છ મહિનામાં તો રાણીબહેન પબેડા જેવાં થઈ ગયાં. એટલે રાજાએ વૈદ્યને પૂછ્યું, 'તમે આની શી દવા કરી ?' બીજા દિવસે થાળ ગયો ત્યારે વૈદ્યે રાજાને બતાવ્યું કે, રાણી શો ખેલ કરે છે. આ જોઈ રાજા કહે, 'અરેરે, આ તો વાઘરણ છે. રાજમહેલમાં આવી તોય એના વાઘરણવેડા ગયા નહીં. આને હમણાં ને હમણાં અહીંથી કાઢી મૂકો.' આમ, તેને ઘર-લજામણી જાણીને મહેલમાંથી કાઢી મૂકી.

યોગીજી મહારાજ કહે, ભગવાન આપણને વર્યા, ભગવાને આપણો સ્વીકાર કર્યો, ભગવાને આપણને ગ્રહણ કર્યા તો આપણા જે જૂના માગણિયાત હેવા, રાગ, ભાવ ને ભગવાન સિવાય બીજામાં જે આનંદ માણીએ છીએ એ વાઘરણવેડા છે; એ છોડો. ભગવાન સિવાય બીજી કોઈ અપેક્ષા છે, ભગવાન સિવાય કાંઈ જોઈએ છે, કશું મેળવવું છે, એટલે ભગવાન કહે, તમે કંગાલ રહો છો. ભગવાન મળ્યા, સાધુ મળ્યા એની મસ્તી જ જુદી હોય, એ કંગાલ ના હોય.

'વચનામૃત ગઢડા મધ્ય ૨૨ : બે સેનાનું, નરનારાયણ પધરાવ્યાનું' હમણાં આ ભજન ગાયું એના ઉપર જ આ 'વચનામૃત' છે.

આપણે જાણીએ છીએ આખો ઈતિહાસ કે, સ્વામિનારાયણ ભગવાન પોતે ઓગણીસ વર્ષની ઉંમરે ગુજરાતમાં પધાર્યા. લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં એમનું દિલ ઠર્યું અને એમણે પોતે સંકલ્પ કર્યો કે, ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી માનવને મહામાનવ બનાવવાના માર્ગની શરૂઆત કરવી છે. રામાનંદ સ્વામીના આશ્રમને પોતાનો બેઈઝ બનાવ્યો, ત્યાં રોકાયા, રહ્યા. એ જ વર્ષે દીક્ષા લીધી. ૨૧ વર્ષની ઉંમરે રામાનંદ સ્વામીએ એમને ગાદી પર બેસાડ્યા.

બે દિવસ પહેલાં એક ભાઈ પૂછતા હતા કે, 'ભગવાન ભગવાં વસ્ત્રો પહેરતા હતા ને પછી આવાં વસ્ત્રો પહેરતા ક્યારથી થઈ ગયા ? એવું કેમ કર્યું ? મહારાજે રામાનંદ સ્વામી પાસે ભાગવતી દીક્ષા લીધી હતી અને રામાનંદ સ્વામીએ 'સહજાનંદ સ્વામી' નામ પાડ્યું. પણ રામાનંદ સ્વામીએ એમને ગાદી પર બેસાડી આચાર્ય બનાવ્યા એટલે એમને કપડાંનું બંધન છૂટી ગયું. આચાર્ય મહારાજ તરીકે જે કપડાં પહેરવાં હોય તે પહેરી શકાય. અત્યારે આપણા આચાર્ય મહારાજ - રાકેશપ્રસાદજી મહારાજ, તેજેન્દ્રપ્રસાદજી મહારાજ, કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ જે કપડાં પહેરે છે, એમ એકવીસ વર્ષની ઉંમરે ગાદી પર બેઠા પછી મહારાજે આચાર્યનાં કપડાં પહેરવાની શરૂઆત કરી.

મહારાજની ઉંમર એકવીસથી ચાલીસની થઈ ત્યાં સુધી-વીસ વર્ષ તેઓ બધે વિચરણ કરતા હતા, પણ મંદિર કર્યાં નહોતાં. મહારાજે ૩૦૦૦ સાધુઓ, ૫૦૦ પરમહંસો અને લાખો હરિભક્તો બનાવ્યા, પણ દાદા ખાચરના દરબારમાં, જીવા ખાચરના દરબારમાં ને બધા દરબારોને ત્યાં તેઓ રહ્યા. ઝાડ નીચે બધા આરામ કરે, વાસ બધો ફરે, પણ કોઈ મંદિર હતું નહીં. એટલે મુક્તાનંદ સ્વામીની પ્રાર્થનાથી મહારાજે મંદિર કરવા, સરસ મૂર્તિઓ પધરાવવી, મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરી દૈવત મૂકે એવા સાધુઓ બનાવવા, મંદિર-સાધુ-ભગવાનનું માહાત્મ્ય પ્રસરાવે એવાં શાસ્ત્રો કરવાં અને એને અનુરૂપ સેવાભાવી ભક્તો તૈયાર કરવા; આવા બધા છ સંકલ્પો મહારાજે કર્યા.

એમાં પહેલાંમાં પહેલું મંદિર મહારાજે અમદાવાદમાં કર્યું. પહેલાં અમદાવાદમાં મુસલમાની રાજ હતું, મુસલમાની સૂબો હતો. સ્વામિનારાયણ ભગવાનના પ્રભાવ ને પ્રતાપને લઈને સ્વામિનારાયણ સંપ્રદાય તરફ બધા બહુ આકર્ષાયા એટલે મુસલમાનોને લાગતું કે, મહારાજ આપણા માટે જોખમકારક છે. એટલે સૂબાએ સ્વામિનારાયણ ભગવાનને પોતાના રાજદરબારમાં બોલાવ્યા. મહારાજે મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો એટલે પહેલાં તો મહારાજે એમની પાસે જમીન માગી કે, 'મંદિર કરવા અમને જમીન આપો.' ત્યારે સૂબાએ કહ્યું કે, 'મારું રાજ છે ત્યાં સુધી તો તમને જમીન આપીશ નહીં.' ત્યારે મહારાજ કહે, 'તમારું રાજ જશે ત્યારે તો મને જમીન મળશેને !' એટલે સૂબો અકળાયો. એણે મહારાજને આમંત્રિત કરીને દરબારમાં બોલાવ્યા. આપણે આ પ્રસંગ જાણીએ છીએ. તેલને ઉકાળીને આસનની નીચે મૂક્યું ને ઉપર ખાલી ગાલીચો જ પાથર્યો કે જેથી મહારાજ બેસે એટલે સીધા તેલમાં પડે. મહારાજ સૂબાને મળવા આવ્યા ને પહેલાં લાકડી ગાલીચા ઉપર અડાડી તો ગાલીચો અંદર પડી ગયો અને સૂબાની પોલ ખુલ્લી પડી ગઈ. એટલે મહારાજ એનાથી કુરાજી થઈ ગયા ને ત્યાંથી નીકળી ગયા. એ સૂબાનું પુણ્ય ખલાસ થઈ ગયું. થોડા સમય પછી અંગ્રેજોએ આખું અમદાવાદ લઈ લીધું.

ત્યારે આ સૂબાના કારણે અમદાવાદમાં વ્યસનો, કુસંગો, ગુનાઓ ને બધું બહુ જ હતું. અંગ્રેજો બુદ્ધિશાળી ને બૅસ્ટ ઍડમિનિસ્ટ્રેટર હતા ને એમણે પ્રજાના હિતનાં કામો બહુ કર્યાં. એમણે મીટિંગ કરી કે, આ શહેર આટલું સરસ છે, દેશ આટલો સરસ છે ને આટલા બધા ગુના ને ન્યૂસન્સને ઘટાડવા માટે શું કરવું જોઈએ? એમાં એક બુદ્ધિશાળી માણસે કહ્યું કે, આ વ્યસન-કુસંગથી માણસોને સુધારવા માટે પહેલાં તો એમનું આખું માનસ સુધારવું પડે. અને કાયદા-કાનૂનથી થોડા વખત માટે બધું થશે, પણ એ કાયમી ઉપાય નથી. એવું કાયમી કરવું

યોગીબાપા
ખાસ ભજન ગાઈને સંતોને કહેતા કે,
'મળ્યો મહા મોટો માલ રે,
સંતો શીદને રહીએ રે કંગાલ.'





**જે ભગવાનમાં રહે છે,
ભગવાનને અર્થે જીવન જીવે છે અને
ભગવાન સિવાય કાંઈ ઈચ્છતો નથી
એ સાધુ !**

હોય તો વર્તમાનકાળે સ્વામિનારાયણ ભગવાન એક એવા પુરુષ છે કે, જેમના સંપર્કમાં આવનારા માણસોનું માનસ બદલાય છે. તો એમને તમે આમંત્રિત કરો ને કહો કે અહીં અમદાવાદ શહેર પર કૃપા વરસાવે. એટલે અંગ્રેજોએ સ્વામિનારાયણ મહારાજને આમંત્રિત કર્યા. સ્વામિનારાયણ ભગવાન પધાર્યા. અંગ્રેજોએ એમનું સ્વાગત કર્યું. પછી અંગ્રેજ હાકેમે સ્વામિનારાયણ ભગવાનને વિનંતી કરી, પ્રાર્થના કરી કે, ‘જેમ સૌરાષ્ટ્રમાં તમારા સંપર્કમાં આવવાથી, તમારી સેવા કરવાથી, તમારી વાતો સાંભળવાથી, તમારાં દર્શન કરવાથી માણસો કુસંગ, વ્યસન અને નકારાત્મકભાવ, આસુરીભાવથી મુક્ત બની સારું જીવન જીવતા થયા, એવી તમે અહીં અમદાવાદ ઉપર પણ કૃપાદૃષ્ટિ કરો !’

ત્યારે સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'અમેય સંકલ્પ કર્યો છે, અમારે અહીં મંદિર કરવું છે, એના માટે જમીન જોઈએ.' સ્વામિનારાયણ ભગવાનની વાત સાંભળી અંગ્રેજોએ કહ્યું કે, ‘અમદાવાદની આજુબાજુ જ્યાં જેટલી જમીન તમારે જોઈતી હોય તે તમે નક્કી કરો ત્યાં તમને તેટલી જમીન આપીએ.’ અને અંગ્રેજોએ અમલદારોને એવો જ ઑર્ડર આપ્યો. એટલે પછી મહારાજ સંતો સાથે માણકી ઘોડી લઈને નીકળ્યા. અત્યારે જે કાળુપુર એરિયા છે તે ત્યારે અમદાવાદની બહાર હતો અને અત્યારે કાળુપુર મંદિરનો જે એરિયા છે ત્યાં બોરડીઓ હતી તે મહારાજે સિલેક્ટ કર્યો. મહારાજે ઘોડી છૂટ્ટી મૂકી અને જેટલામાં ઘોડી ફરી એટલી જમીન અંગ્રેજોએ મહારાજને આપી.

બે મંદિરોમાં એવું બન્યું. એક અમદાવાદમાં મંદિર કરવા સ્વામિનારાયણ ભગવાન બોલ્યા હતા, 'આ મુસલમાનનો સૂબો ના પાડે છે પણ તે સૂબો જશે ત્યારે તો આપણને જમીન મળશે ને !' એટલે જમીન મળી. મહારાજે પહેલું મંદિર અમદાવાદમાં કર્યું ને નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવી. આ ‘વચનામૃત’ એના ઉપર છે – નરનારાયણ દેવની ગાદીનું. નરનારાયણ દેવની પ્રાણપ્રતિષ્ઠા થઈ એ પછી મહારાજે આ વાત કરી છે.

બીજું, ગઢપુર મંદિર માટે એવું થયું. સ્વામિનારાયણ ભગવાનને ગઢપુરમાં મંદિર કરવું હતું. દાદા ખાચરના કાકા જીવા ખાચર પાસે નદીના પટની બધી જમીન એમના નામે હતી. આજે દાદા ખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીનું જે મંદિર છે, એ મંદિર ત્યારે મહારાજે કર્યું નહોતું. મહારાજની ઈચ્છા હતી કે, નદી કિનારે ટેકરા ઉપર મંદિર કરવું છે. સ્વામિનારાયણ ભગવાને આ જગ્યા પસંદ કરેલી. દાદા ખાચર કહે, ‘આ જગ્યા મારી નથી, મારા કાકા જીવા ખાચરના નામે છે.’ તો મહારાજે જીવા ખાચરને બોલાવ્યા ને કહ્યું, 'આ જગ્યાએ આપણે મંદિર કરવું છે, તો જગ્યા આપો.' જીવા ખાચર કહે, 'જગ્યા તમારી જ છે ને મહારાજ ! વાપરો જેટલી જમીન વાપરવી હોય એટલી.' ત્યારે મહારાજ કહે, 'જીવા ખાચર, તમે મને લખાણ કરી આપો પછી મંદિર બનાવું.' ત્યારે એ કહે, 'મહારાજ, આપણે એક જ છીએ, એમાં લખવાની શી માથાકૂટ કરવી ?' મહારાજ કહે, 'ના, તમે લખી આપો તો જ મંદિર કરું. રાજા, વાજાં ને વાંદરાં, કંઈ ઊંધું પડ્યું અને કાલે તમે કહો કે, બિસ્તરા લઈને જતા રહો તો અમારા સાધુ ક્યાં જાય બિચારા ?' ત્યારે જીવા ખાચર કહે, 'મહારાજ, લખવાની વાત જવા દો. આપણે કશી લખાણપટ્ટી કરવી નથી. મંદિર કરવું હોય તો કરો, નહીં તો તમે જાણો.' આવી લમણાફૂટ ચાલતી હતી ત્યારે દાદા ખાચર કહે, 'મહારાજ, આ જડ માણસ છે, ઝટ સમજે તેવા નથી.' ઘણા એવા જડ જેવા હોય છે, પોતાનો લઠ લઈને જ ફરે, કોઈનું માને નહીં. ભગવાન આવે કે, ભગવાન જેવા કોઈ માણસ આવે તોય એમની વાતમાં એને સમજ પડે નહીં. પોતાની જાતને જ હોશિયાર માનતા હોય. ઘણા આવા લઠ લેનારા હોય, એમાંના આ એક હતા. દાદા ખાચર કહે, 'આ લપ મૂકો મહારાજ, મારા દરબારની આગળ ઘણી જગ્યા પડી છે, તેને તમે વાપરો. લાવો તમને લખી આપું.' એમણે

મહારાજને લખી આપ્યું પછી મહારાજે દાદા ખાચરના ચોકમાં શ્રી ગોપીનાથજીનું મંદિર કર્યું.

શાસ્ત્રીજી મહારાજે જે મંદિર કર્યાં એમાં ઘણા બધા અખ્તરડાહ્યા એવા પ્રશ્ન પૂછે છે કે, 'ગઢડામાં સ્વામિનારાયણ ભગવાને કરેલું શ્રી ગોપીનાથજીનું મંદિર હતું, તો પછી બીજું મંદિર શું કામ કર્યું?' બે મંદિર વચ્ચે અહીંથી તે દરવાજે જઈએ એટલું અંતર છે. તો ત્યાં શાસ્ત્રીજી મહારાજે શું કામ મંદિર કર્યું? અને બીજું સારંગપુરમાં મંદિર કર્યું, ત્યાંય મંદિર છે ને શું કામ કર્યું? કૉમ્પિટિશનમાં જ મંદિર કર્યું ને! બધા એવું કહેવા માગતા હોય. પણ આ બેઉ જગ્યાએ મંદિર કરવાનો સંકલ્પ સ્વામિનારાયણ ભગવાનનો હતો. શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં જે મંદિર કર્યું એ સ્વામિનારાયણ ભગવાને કાશીદાસ મોટાને આપેલું વરદાન હતું. કાશીદાસ મોટા બોચાસણના. સ્વામિનારાયણ ભગવાનના વખતના ભક્તરાજ, સ્વામિનારાયણ ભગવાનના શિષ્ય. વડોદરામાં વડતાલ મંદિર માટે શ્રી હરિકૃષ્ણ મહારાજની ને બધી મૂર્તિઓ તૈયાર થઈ ત્યારે એ વખતે બોસાસણના રસ્તેથી મહારાજ ગાડામાં મૂર્તિઓ સાથે આવ્યા. બોચાસણમાં રાત રહ્યા. કાશીદાસ મોટાને રાત્રે ઊંઘ ના આવી કે, આ મૂર્તિઓ સ્વામિનારાયણ ભગવાન વડતાલ લઈને જાય છે તો મહારાજને પ્રાર્થના કરું કે, આ મૂર્તિઓ અહીં જ પધરાવે, અહીં જ બોચાસણમાં મંદિર કરે. હું જમીન આપું. કાશીદાસ મોટાએ સ્વામિનારાયણ ભગવાનને સવારે પ્રાર્થના કરી કે, 'મહારાજ, ભગવાન તો ભક્તને વશ છે, ભક્તની પ્રાર્થનાને વશ છે. તો મારી પ્રાર્થના છે કે, તમે આ મૂર્તિઓ લઈ ના જશો હવે. મંદિર કરીને આ મૂર્તિઓ અહીં પધરાવો.' ત્યારે સ્વામિનારાયણ ભગવાન કહે, 'જુઓ કાશીદાસ મોટા, વડતાલમાં જોબન વડતાલાએ સર્વસ્વનું સમર્પણ કર્યું. એણે મને રાખવો હતો કે, મહારાજ કાયમ તમે મારે ત્યાં રહો. ત્યારે અમે તેને કહ્યું કે, 'અમે તો સાધુ રહ્યા એટલે એક જગ્યાએ રહીએ નહીં. પણ તારે ત્યાં મંદિર કરીને મૂર્તિરૂપે અખંડ રહીશું. મેં એને કોલ આપ્યો છે, વરદાન આપ્યું છે એટલે આ મૂર્તિઓ તો ત્યાં પધરાવવા માટેની છે એટલે મૂર્તિઓ તો મારે ત્યાં જ પધરાવવી છે. પણ હું તમને વરદાન આપું છું, કોલ આપું છું કે, અમે અમારા ભક્તે સહિત બોચાસણમાં બેસીશું.' સ્વામિનારાયણ ભગવાને કાશીદાસ મોટાને આવું વરદાન આપેલું કે, અમે અમારા ભક્ત સાથે અહીં બોચાસણમાં બિરાજમાન થઈશું એટલે પછી કાશીદાસ મોટાએ મૂર્તિઓ લઈ જવા દીધેલી.

શાસ્ત્રીજી મહારાજ જ્યારે વડતાલથી નીકળ્યા ત્યારે એક રાત સરદારસાહેબના બાપુજી ઝવેરભાઈના આમંત્રણથી કરમસદમાં રોકાયા હતા. ઝવેરભાઈ પાછલી અવસ્થામાં ઘરે નહીં રહેતા, રાત્રે મંદિરે સૂઈ જતા અને સવારે આરતી કરી પછી ઘરે જતા. એ ઝવેરભાઈને ખબર પડી કે, શાસ્ત્રીજી મહારાજ વડતાલથી નીકળી ગયા છે એટલે એક છોકરાને મોકલ્યો અને કહ્યું, સ્વામીજીને અહીં લઈ આવો. એટલે શાસ્ત્રીજી મહારાજ પહેલી રાત કરમસદ મંદિરે રહેલા. પછી કેશવલાલ પ્રાગજી – મહંત સ્વામીનું કુટુંબ ગણાય એ; અમારે જેમ સોખડામાં ત્રિભોવન મોટા હતા તેમ આણંદમાં કેશવલાલ પ્રાગજી હતા – અંબાલાલ કલ્યાણ યોજના હતા એમના દાદા. આણંદ એમને ત્યાં શાસ્ત્રીજી મહારાજ આવ્યા ને ત્યાં સભા થઈ. બધાય ભક્તો ભેગા થયા ને શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'વડતાલવાળા આપણને આમંત્રણ આપશે, બોલાવવા આવશે, દબાણ લાવશે પણ હવે આપણે વડતાલ પાછું જવું નથી.' એટલે એક ભક્તરાજે કહ્યું, 'સ્વામી, એક મંદિર જ કરી દો ને એટલે પાછું જવાની વાત જ નહીં.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'મંદિર કરવાનું કહો છો, પણ મંદિર એમ ને એમ થોડું જ થાય છે? પૈસા તો જોઈએ કે ના જોઈએ?' એટલે તરત ખરડો કર્યો. તે વખતે ૪૩,૦૦૦ રૂપિયા ભેગા થઈ ગયા. અત્યારના પ્રમાણે ૩૦-૪૦ કરોડ રૂપિયા થઈ ગયા કહેવાય. પછી સોખડાના ત્રિભોવન મોટાએ ઑફર કરી. અત્યારે હરિપ્રસાદ

ભગવાન મળ્યા, સાધુ મળ્યા
એના જેવો બીજો કોઈ મોટો માલ નથી.
એની મસ્તી જ જુદી હોય,
એ કંગાલ ના હોય.





ભગવાન આપણને વર્યા,
ભગવાને આપણો સ્વીકાર કર્યો, આપણને ગ્રહણ કર્યા
તો આપણા જે જૂના માગણિયાત હેવા,
રાગ, ભાવ ને ભગવાન સિવાય
બીજામાં જે આનંદ માણીએ છીએ એ છોડો.

સ્વામીજીએ મંદિર કર્યું છે એ જગ્યા ત્રિભોવન મોટા (આપણાં મધુબહેનના દાદા)ની હતી. ત્રિભોવન મોટાએ કહ્યું કે, 'મારી જમીન આપું, ત્યાં મંદિર કરો.' અટલાદરાવાળા પ્રાગજીકાકાએ કહ્યું કે, 'મારી જમીન આપું, ત્યાં મંદિર કરો.' આણંદવાળા કહે, 'અત્યારે જે મંદિર છે એ જગ્યા તમને આપીએ, ત્યાં મંદિર કરો.' ઘણા બધા ભક્તોએ મંદિર કરવા જમીનની ઑફર આપી. બોચાસણના ભક્તોએ પણ પ્રાર્થના કરી કે, 'અમારા બોચાસણમાં મંદિર કરો.' પછી સૌએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે, 'હવે તમે આજ્ઞા કરો ત્યાં મંદિર કરીએ.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ વિચાર કરીને બોલ્યા, 'જુઓ, મંદિર કરવું છે, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સનાતન આ ધરતી પર રહે એટલે ધામ-ધામી-મુક્તની મૂર્તિઓ પધરાવવી છે. પણ સ્વામિનારાયણ ભગવાને બોચાસણના કાશીદાસ મોટાને વરદાન આપ્યું હતું કે, અમારા ભક્તે સહિત બેસીશું, એટલે મારી પોતાની ઇચ્છા છે કે, મંદિર બોચાસણમાં કરીએ.' બોચાસણમાં મંદિર કરીએ તો કયા નામથી કરવું ? બોચાસણમાં પહેલું મંદિર કર્યું એટલે એટલે સર્વાનુમતે 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા' એ નામ આપ્યું અને એ નામથી ફંડ ભેગું કર્યું ને મંદિર કર્યું. આમ, કાશીદાસ મોટાને સ્વામિનારાયણ ભગવાને વરદાન આપેલું એટલે શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં મંદિર કર્યું.

બીજું, જેમ મહારાજે અમદાવાદ નરનારાયણ દેવની ગાદીમાં ઘોડી ફેરવીને જમીન લીધી એવી જમીન સારંગપુરમાં પણ મહારાજે ઘોડી ફેરવીને સારંગપુરના દરબાર પાસેથી લીધી. પણ કોઈ કારણોસર ત્યાં મંદિર ના થઈ શક્યું. ત્યાં ગોપાળાનંદ સ્વામીએ કષ્ટભંજન શ્રી હનુમાનજી પધરાવ્યા એટલે 'હનુમાનજીના સારંગપુર' તરીકે તે જાણીતું થયું. તે સ્વામિનારાયણનું મંદિર હતું, પણ કષ્ટભંજન શ્રી હનુમાનજીનું મંદિર કહેવાય. સ્વામિનારાયણ ભગવાનને સ્વામિનારાયણનું મંદિર કરવું હતું. એટલે શાસ્ત્રીજી મહારાજે બોચાસણ પછી બીજું મંદિર સારંગપુરમાં કર્યું.

ત્રીજું મંદિર ગોંડલ-ગુણાતીતાનંદ સ્વામીના સમાધિસ્થાન પર કર્યું, એની પણ એક અલૌકિક કથા છે. ચોથું મંદિર અટલાદરા કર્યું, કારણ કે મહારાજે ગઢડાનું મંદિર કરવા જમીન લેવા માટેની શરૂઆત કરી હતી, પણ ભાવનગરનરેશ થોડા આડા હતા. નદી કાંઠાની જમીન બધી એમની પાસે હતી. મૂળ જૂના મંદિરવાળાએ ભાવનગર નરેશને એટલી બધી કાનભંભેરણી કરી હતી કે, મંદિર માટે જમીન આપવાની તેઓ ના પાડે. એટલે રાજાને મનાવવા માટે બધા દરબારો ને બધા હરિભક્તોએ એમનાં પત્ની-રાણીબાસાહેબનો સંપર્ક કર્યો. બધા હરિભક્તોને એમ હતું કે, હવે રાણીબા ભળ્યાં છે એટલે આપણને મંદિર માટે જમીન મળી જશે. ભાવનગર દરબારમાં છેલ્લે ફાઈલ ગઈ ને મુદત હતી ત્યારે હરિભક્તોનું ડેલિગેશન ત્યાં ભાવનગર દરબારમાં ગયું. રાજા પાસે સહી કરવા માટે ફાઈલ આવી ને રાજાએ સાધુ યજ્ઞપુરુષદાસજી-બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાની જમીન બાબતની અરજી જોઈ. એમ કહેવાય કે, લાલ શેરો મારે એટલે ફાઈલ બંધ થઈ જાય. એ વખતે રાજાએ રિમાર્ક કરી કે, આ બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાને અને સાધુ યજ્ઞપુરુષદાસજીને ભાવનગરના તાબાની એક ઈંચ જેટલી પણ જમીન આપવી નહીં અને કરી દીધી સહી. ગઢડામાં જ નહીં, પણ એમના રાજ્યમાં પણ ક્યાંય નહીં. બધા હરિભક્તો શૉક્ડ થઈ ગયા કે, 'શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ છે. શાસ્ત્રીજી મહારાજ વર્ષોથી કહે છે કે, ગઢડામાં ટેકરા ઉપર મંદિર કરવું છે અને આ શું થઈ ગયું!' ત્યારે શાસ્ત્રીજી મહારાજ ગઢડામાં કોઈ હરિભક્તના ઘરે બિરાજમાન હતા. ભક્તો ઢીલાં મોઢાં લઈને શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા અને કહ્યું કે, 'ગઢડા તો વાત સમજ્યા, પણ ભાવનગરમાં કોઈ જગ્યાએ એક ઈંચ આપણને જમીન ના આપે એવું લખ્યું છે.' એટલે શાસ્ત્રીજી મહારાજ એકદમ પરભાવમાં આવી બોલ્યા, 'એનું રાજ જશે ત્યારે તો મળશે ને જગ્યા !' (ક્રમશઃ) ◆